**<u>સી. આઇ. ડી. ક્રાઇમ પો. સ્ટેશન ગુના રજી નંબર ૧૨૦૧૦૧૫૨૧૦૦૦૭/૨૦૨૧ ના કામે અરજદાર તુષાર ભરતભાઇ સેજપાલ નાઓની મુદામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ :-</u>**

--------------------------------------

૧. અરજદારની અરજી વંચાણે લીધી. કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લીધેલ. આ કામે મુદામાલ JBL Live 650BT Voice Enabled Noise Cancelling Blutooth Headset જે મુદામાલ પાવતી નંબર ૦૬/૨૦૨૧ તારીખ ૨૬/૧૨/૨૦૨૧ ના કામે આઇ. પી. સી. કલમ ૪૦૬, ૪૦૮, ૪૬૫, ૧૨૦(બી) મુજબના ગુન્હાના કામે કબજે કરેલ છે, તે મુદામાલ વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે અને અરજદારે અરજીના સમર્થન માં અરજદારે મુદામાલ પોતાની માલિકીનુ હોવાનુ મુદામાલનુ બિલ તેમજ પોતાનુ આધારકાર્ડ રજુ રાખેલ છે.

૨. સદરહુ મુદામાલ પરત મેળવવાની અરજી સબંધે રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ વંચાણે લેતા સદરહુ મુદ્દામાલ હાલના ગુનાના કામે કબજે થયેલ છે. અરજદાર સિવાય બીજા કોઈનો કલેઈમ નથી અને અરજદારે મોબાઇલના બિલની નકલ સાથે જોડેલ છે જે જોતા મોબાઇલ અરજદારની માલિકીનો હોવાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે, જે વંચાણે લી ધેલ.

૩. અરજદારનાં વકીલશ્રી તેમની દલીલમાં જણાવે છે કે, સદરહું મુદામાલ અરજદારના રોજ બરોજનાં ઉપયોગનું સાધન છે. તેમજ સદરહું મુદામાલ્ જે ગુન્હા ના કામે કબજે કરવામાં આવેલ છે તે ગુન્હાની ટ્રાયલ કયારે ચાલે તે નકકી નથી અને ટ્રાયલ પુર્ણ થવામાં ઘણો લાંબો સમય જાય તેમ છે તે સંજોગોમાં મુદામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડયું રહેવાથી તેનાં સ્પેર પાર્ટસમાં નુકશાન જાય તેમ છે તેમજ યાંત્રીક નુકશાની જાય તેમ છે. તેથી મુદામાલ વચગાળાની કસ્ટડીમાં પરત સોપવા અરજ કરેલ છે અને મુદામાલ પરત સોપતી વખતે નામદાર અદાલત ફરમાવશે તેવી તમામ શરતોનુ ચુસ્તપણે પાલન અરજદાર કરશે તેમ જણાવી મુદામાલ પરત સોપવા વિનંતી કરેલ છે.

૪. આ કામે રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા અરજદારે કબ્જે થયેલ મુદામાલના બિલની નકલ રજુ કરેલ છે તેમજ પોતાનુ આધારકાર્ડની

નકલ રજુ કરેલ છે.જે ધ્યાને લેતા આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનુ રેકર્ડ ઉપર નોં ધાયેલ માલીક હાલના અરજદાર છે અને સદરહુ મુદામાલ પરત મેળવવા સબંધે અરજદાર સિવાય બીજા કોઈનો કલેઈમ નથી તે જોતા આ કામે કબજે કરેલ મુદામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં રહે તો તેમાં યાંત્રિક ખાંમી આવી શકે તેમ છે, તેમજ તેના સ્પેર પાર્ટસને નુકશાન જાય તેમ છે. જેથી વડી નામદાર અદાલત સુપ્રિમ કોર્ટ, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નં. ૩૦૭ (સુંદરભાઈ અંબાલાલ દેશાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ કોઈપણ મુદામાલ પો. સ્ટે. મા પડયો રહે તો ત્યાં તેને નુકસાન થવાની, અગર તો ચોરી થવાની, અગર તો મુદામાલ સાથે ચેડા થવાની શકયતા રહે છે. આથી વધુ સમય મુદામાલ પો. સ્ટે. મા રાખ્યા વગર, સક્ષમ વ્યકિતને બોન્ડ અગર તો ગેરન્ટી લઈ તેમજ સીકયુરીટી લઈ સોંપવો જોઈએ અને તે માટે માર્ગદર્શક સિધ્ધાંતો પણ તે ચુકાદામા પ્રસ્થાપિત કરેલ છે. જે મુજબ ચાલુ કેસ દરમિયાન સક્ષમ વ્યકિતને તેવો મુદામાલ સોપવો જોઈએ તેવુ ઠરાવેલ છે. જેથી નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા મુદામાલ વધુ સમય પો. સ્ટે. મા પડયુ રહે તો તેને નુકસાન થવાની સંભાવના હોય તેથી હાલના તબકકે તેઓએ રજૂ કરેલ માલીકીનો પુરાવો ધ્યાને લેતા અરજદાર પોતે મુદામાલના માલીક હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ છે અને હાલના તબકકે મુદામાલની વચગાળાની કસ્ટડી શરતોને આધીન અરજદારને સોપવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે. તેથી અરજદારની મુદામાલ પરત મેળવવાની અરજી હેઠળ નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**-: હુ ક મ :-**

અરજદારની મુદામાલ પરત મળવાની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

મુદામાલ JBL Live 650BT Voice Enabled Noise Cancelling Blutooth Headset જે મુદામાલ પાવતી નંબર ૦૬/૨૦૨૧ તારીખ ૨૬/૧૨/૨૦૨૧ અરજદારને મુદામાલ પાવતીમાં જણાવેલ રકમ થી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા સબંધીત પો. સ્ટે. માં રજુ કર્યેથી વચગાળાની કસ્ટડીમાં નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧. અરજદારે સદરહુ મુદામાલ  જાતે અગર અન્ય કોઈને કોઈપણ રીતે ટ્રાન્સફર, તબલીલ કે વેચાણ કરવુ, કરાવવુ નહીં.

૨. અરજદારે સદરહુ મુદામાલની જયારે જરૂર પડે ત્યારે તપાસ કરનાર અમલદાર તથા કોર્ટ સમક્ષ રજૂ કરવો.

૩ . અરજદારે મુદામાલની ઓળખ બદલાય તેવા પ્રયત્ન કરવા કે કરાવવા નહીં.

૫. અરજદારે પોતાની ઓળખ આપ્યેથી તપાસ કરનાર અમલદારે મુદામાલ પરત સોપવો.

બોન્ડ તથા જામીન સબંધીત પોલીસ સ્ટેશનમાં આપવા.

હુકમની યાદી કરવી.

આજરોજ તા. ૦૨ , માહે મે સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી કોર્ટ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ

તા. ૦૨/૦૫/૨૦૨૬

(**મિતલબેન દિલીપસિંહ જાદવ**)

૮મા અધિક જયુડી.મેજી.ફ.ક.,

**રા જ કો ટ.**

UIC NO.GJ01746